# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. અખંડ ઓમકારના જાપ સાથે પ્રભાસ પાટણમાં "સોમનાથ સ્વાભિમાન પર્વ"નો આજથી આરંભ
2. સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ચાર મહાનગરોથી વિશેષ ટ્રેનો દોડાવાઇ
3. ગાંધીનગરમાં ટાઇફોઇડના કેસ અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે સ્વ-સંજ્ઞાન લીધું
4. સરકારી નોકરી ગેરરીતિ કેસમાં ગુજરાત સહિત 6 રાજ્યોમાં EDના દરોડા
5. રાજ્યના પોલીસ વડા દરરોજ એક જિલ્લાના પોલીસ વડા અને રેન્જ IG સાથે બેઠક યોજશે
6. ક્રિકેટની વિજય હઝારે ટ્રોફીમાં, આજે ગુજરાત અને બરોડાનો વિજય

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SOMNATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે આજથી 11 જાન્યુઆરી સુધી "સોમનાથ સ્વાભિમાન પર્વ"નો આરંભ થયો છે. કેન્દ્રીય મંત્રી  ગજેન્દ્રસિંહ શેખાવત, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં શંખનાદ સાથે આ પર્વનો શુભારંભ થયો. આ સાથે સોમનાથ મંદિર પરિસરમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ થયો છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંગે સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ : રાજેશ ભજગોતર)

આ મહોત્સવ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ સોમનાથના એક હજાર વર્ષના સંઘર્ષ, બલિદાન અને પુનઃનિર્માણની અપ્રતિમ ગાથાને નવી પેઢી સુધી પહોંચાડવાનું એક માધ્યમ છે.

----------

# SOMNATH SPECIAL TRAIN

‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ની ઉજવણીમાં જોડાવવા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ચાર મહાનગરોથી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે રાજકોટથી વિશેષ ટ્રેન દ્વારા શ્રદ્ધાળુઓ સોમનાથ રેલવે મથકે પહોંચ્યા હતા. 'હર હર ભોલે' અને 'જય સોમનાથ'ના ગગનભેદી નાદથી સમગ્ર સ્ટેશન પરિસર ગૂંજી ઉઠ્યું હતું. વિશેષ ટ્રેનથી સોમનાથ પહોંચેલા એક શ્રદ્ધાળુએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : શ્રદ્ધાળુ)

અમદાવાદના સાબરમતી રેલવે મથક ખાતેથી પણ વેરાવળની વિશેષ ટ્રેનને સાંસદ દિનેશ મકવાણા, મેયર પ્રતિભા જૈને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ વિશેષ ટ્રેનમાં કુલ એક હજાર 292 યાત્રાળુઓએ પવિત્ર સોમનાથની યાત્રાનો આરંભ કર્યો હતો.

----------

## CM DHOLESHWAR

સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 72 કલાકના સામૂહિક ઓમકાર નાદનો આજે ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ મંદિરથી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, ભવ્ય સોમનાથ મંદિર આપણી અતૂટ શ્રદ્ધા-આસ્થા અને સામૂહિક શક્તિનું પ્રતીક છે. આપણી વિરાસત અને અસ્મિતાના ગૌરવને સામૂહિક ઓમકારનાદથી વધુ ઉજાગર કરવા પણ શ્રી પટેલે અનુરોધ કર્યો.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

----------

## CM- CANCER ASHAA VAAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્સર સ્ક્રિનિંગ વાન - આશા વાનનું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું હતું. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની ભાવનગર બ્રાન્ચને જેનબર્ક ફાર્માસ્યુટિકલ દ્વારા વાન ભેટ આપવામાં આવી છે. આ વાન મેમોગ્રાફી અને ટેલી-કન્સલ્ટેશન જેવી હાઈટેક સુવિધાઓથી સજ્જ

છે. ખાસ કરીને લંગ, મોઢાના, સ્તન અને ફેફસાના કેન્સર જેવા ગંભીર રોગોનું નિદાન સ્ક્રિનિંગ અત્યાધુનિક ઉપકરણથી આ વાન મારફતે જે તે સ્થળ પર થઈ શકશે.

----------

## NHRC GUJARAT

ગાંધીનગર શહેરમાં દૂષિત પીવાના પાણીના સેવનને કારણે ટાઇફોઇડના કેસોમાં થયેલા નોંધપાત્ર વધારા અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ-NHRC એ સ્વ-સંજ્ઞાન લીધું છે. આયોગે રાજ્ય સરકારના મુખ્ય સચિવને નોટિસ પાઠવી છે, જેમાં બે અઠવાડિયામાં આ બાબતે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે.

NHRCના જણાવ્યા અનુસાર, ટાઇફોઇડના દર્દીઓમાં વધારાથી ગાંધીનગર શહેરમાં નવી બનાવેલી પાણી પુરવઠા વ્યવસ્થામાં ગંભીર ખામીઓ છતી થઈ છે. પાણીની પાઇપલાઇનમાં સાત લીકેજ સામે આવ્યા, જેના કારણે ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી ગયું હતું.

----------

## GANDHINAGAR TYPHOID

ગાંધીનગરમાં આજે ટાઇફોઈડના નવા 14 કેસ સામે આવ્યા છે, જ્યારે 18 દર્દીઓ સાજા થતા રજા અપાઈ છે. 80 દર્દીઓ હાલમાં સારવાર હેઠળ છે. બીજી તરફ સર્વેલન્સની 85 ટુકડી દ્વારા કુલ 7 હજાર 640 થી વધુ

ઘરોમાં તથા 31 હજાર 583ની વસ્તીમાં કામગીરી કરવામાં આવી છે. પાણીનું સુપર ક્લોરીનેશનની કામગીરી ચાલી રહી છે. આજે 608 ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉતરાયણ સુધી વાતાવરણ શુષ્ક રહેશે. છેલ્લા 24 કલાકમાં નલિયામાં સૌથી નીચું 9 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હોવાનું હવામાન વિભાગાના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક)

----------

## ED SEARCHES

સરકારી નોકરી ગેરરીતિ કેસમાં પ્રવર્તન નિદેશાલય-ED અનેક રાજ્યોમાં દરોડા પાડી રહ્યું છે. જેના ભાગરૂપે, ED એ આજે ગુજરાતનાં રાજકોટ, બિહારમાં મોતીહારી અને મુઝફ્ફરપુર, પશ્ચિમ બંગાળમાં કોલકાતા, કેરળમાં એર્નાકુલમ, પંડલમ અને કોડુર, તમિલનાડુમાં ચેન્નાઈ, ઉત્તર પ્રદેશમાં ગોરખપુર, પ્રયાગરાજ અને લખનૌ સહિત અનેક સ્થળોએ શોધ અભિયાન હાથ ધર્યું છે.

બિહારની પટણા ઝોનલ ઓફિસના ED દ્વારા સરકારી વિભાગોમાં છેતરપિંડી કરીને ઉમેદવારોને છેતરતી સંગઠિત ટુકડી સાથે સંકળાયેલા નકલી સરકારી નોકરી ગેરરીતિના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા છે.

----------

## DGP ONE DAY-ONE DISTRICT

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન રાવે નવી પહેલ- "One Day-One District" શરૂ કરી છે. તે અંતર્ગત તેઓ દરરોજ એક જિલ્લાના પોલીસ અધિક્ષક અને પોલીસ મહાનિરીક્ષક-રેન્જ IG સાથે બેઠક યોજશે, જેમાં દરેક જિલ્લામાં અમલમાં મૂકાયેલી એક શ્રેષ્ઠ પ્રયાસો અંગે પણ ચર્ચા કરાશે. જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તથા સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે આ નવી પહેલ શરૂ કરાઈ છે.

ડાંગ–આહવા જિલ્લાના પોલીસ અધિક્ષક સાથે યોજાયેલી પ્રથમ બેઠકને અંતે વાહન તથા IT માળખા સંલગ્ન જરૂરિયાતોનું નિરાકરણ કરાયું. જિલ્લાની હકીકતોને આધારે નીતિગત નિર્ણય અને સંસાધનોનું આયોજન થાય તે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે. આ પહેલથી રાજ્યમાં પોલીસ કાર્યક્ષમતા, અસરકારકતા અને જનસેવામાં વધુ સુધારો આવશે.

----------

## VIJAY HAZARE TROPHY

ક્રિકેટની વિજય હઝારે ટ્રોફી એલિટમાં, આજે ગુજરાત સામે સૌરાષ્ટ્રનો 145 રને વિજય થયો છે. સૌરાષ્ટ્ર તરફથી મળેલા 384 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત 238 રનમાં ઓલઆઉટ થયું. સૌરાષ્ટ્ર તરફથી વિશ્વરાજ જાડેજાએ શાનદાર સદી નોંધવતા તે પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા.

અન્ય એક મેચ બરોડાએ છત્તીસગઢને 149 રનથી હરાવ્યું. બરોડા તરફથી મળેલા 392 રનના લક્ષ્યાંક સામે છત્તીસગઢ 242 રનમાં ઓલઆઉટ થયું હતું. બરોડા તરફથી પ્રિયાંશુ મોલીયાએ સદી નોંધાવી હતી.

----------

## PIB MEDIA WORKSHOP

પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો, અમદાવાદ દ્વારા આણંદ જિલ્લાના પત્રકારો માટે રૂરલ મીડિયા વર્કશોપ "વાર્તાલાપ"નું આયોજન કરાયું. તેમાં આણંદ જિલ્લાના મનરેગાના લોકપાલ સુનીલ વિજયવર્ગીયએ પત્રકારોને VB G RAM G અંગે વિસ્તૃત જાણકારી આપતાં કહ્યું કે, G RAM G હેઠળ

125 દિવસના રોજગારની ગેરંટી એ કામના ઓછા દિવસોની ફરિયાદનું સમાધાન છે. જેમાં દિવ્યાંગ, સ્ત્રીઓ, ટ્રાન્સજેન્ડર દરેકનું ધ્યાન રાખવામાં આવ્યું છે. વરિષ્ઠ પત્રકાર મણિલાલ પટેલે ગ્રામીણ પત્રકારત્વનું મહત્વ સમજાવતા કહ્યું કે દેશમાં આશરે 55 હજાર જેટલા સમાચાર પત્રો સ્થાનિક ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે ત્યારે ગ્રામીણ પત્રકારત્વનું મહત્વ ખૂબ વધી જાય છે.

----------

## DAMAN- VB-G RAM G

દાદરા અને નગરહવેલી તથા દમણ દીવ પ્રદેશમાં વિકસિત ભારત–જી રામ જી અભિયાન અંતર્ગત આજે ભારતીય જનતા પાર્ટી દ્વારા સિલવાસા સ્થિત અટલ ભવન ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં કાર્યકર્તાઓને જી રામ જી યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામિણ પરિવારોને રોજગારી પૂરી પાડવી, સ્થળાંતરને અટકાવવું, આજીવિકા સુરક્ષા વધારવી, તેમજ ગ્રામિણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાનો છે.

----------

## ROAD SAFETY MONTH DISTRICT

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત બોટાદ જિલ્લામાં આજે જ્ઞાનમંદિર સ્કૂલ ખાતે સ્કૂલબસ ડ્રાઈવરો માટે વિશેષ માર્ગ સલામતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિકારીઓ દ્વારા ટ્રાફિકના

મૂળભૂત નિયમો, વાહન ચલાવતી વખતે અનુસરવાની સલામતીની સૂચનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લામાં ARTO રાજપીપલા દ્વારા ધારીખેડા સુગર મિલ ખાતે માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. રાત્રિ દરમિયાન વાહન દ્રશ્યમાન રહે તે માટે રેડિયમ રિફ્લેક્ટિવ પટ્ટીના ઉપયોગ અને તેના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લાના સુબીર ખાતે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં યોજાયેલ કાર્યક્રમ દરમિયાન મોટર વાહન નિરીક્ષક ડી.એસ.હળપતિ દ્વારા વિદ્યાર્થીઓને “રાહવીર યોજના” વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

----------